# BUSINESS મિત્ર

## જીએસટી કાઉન્સીલની બેઠક શરૂ: મેટલ શેરોમાં ઉછાળો, નિફ્ટીએ 24700ની સપાટી કુદાવી

# મજબૂત સર્વિસીસ ડેટાના પગલે શેરબજારમાં ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3:** જીએસટી કાઉન્સીલની બેઠક આજથી શરૂ થઇ છે, આ મહત્વપુર્ણ બેઠકના પરિણામ ઉપર બજારની નજર રહેલી છે, તેની સાથે મજબૂત સેવા પીએમઆઇ ડેટા વચ્ચે આજે સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્ખ મોટા વધારા સાથે બંધ થયા હતા. વિવિધ ચીજવસ્તુઓ પર રેટ કટની જાહેરાત કરવાની વ્યાપકપણે અપેક્ષા છે.

નિફ્ટી 24700 પોઈન્ટના લેવલની ઉપર સ્થિર થયો હતો. ચીન સાથેની સફળ ચર્ચા બાદ મેટલ શેરોમાં કરન્ટ જોવાયો હતો. જોકે, મજબૂત સર્વિસીસ પીએમઆઇ ડેટા આવ્યા હતા, આમ છતાં આઈટી શેરો શરૂઆતમાં સુધારા સાથે ખુલ્યા હતા, પણ છેલ્લે નફાવસુલી બદલે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

આર્થિક સ્તરે એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ ઈન્ડેક્સ 60.5 ટકાથી વધીને ઓગસ્ટમાં 62.9 થયો હતો. આ જુન 2010 પછીનો વિસ્તરણનો સૌથી મોટો દર સુચવે છે.

સેકટર વાઈઝ જોઈએ તો મેટલ, ફાર્મા અને પીએસયુ બેન્ક શેરોમાં તેજીજ વા મળી હતી, જ્યારે આઈટી અને મીડિયા સેકટરમાં નરમાઇ જોવા મળી હતી.

ઈનક્રેડ ગ્રુપની રિટેલ વેલ્થ ટેક શાખા ઈનક્રેડ મની, એમએમટીસી પીએએમપીની સાથે ભાગીદારીમાં ડિજીટલ સોનુ અને ચાંદી લોન્ચ કરવાની જાહેરાત કરી છે. પીએએમપી એસએ-સ્વીટઝરલેન્ડ અને ભારત સરકારની એમએમટીસીનું સંયુક્ત સાહસ છે અને ભારતના એકમાત્ર એલબીએમએ માન્યતા પ્રાપ્ત ગુડ ડિલીવરી ગોલ્ડ અને સીલ્વર રિફાઈનરી છે. ફક્ત રૂ. 10ના પ્રારંભિક રોકાણ સાથે આ પ્રોડકટનો હેતુ ભારતના રોજીંદા ખર્ચ કરનારાઓને રોજીંદા બચતકર્તાઓમાં બદલવાનો છે.

બીએસઇ સેન્સેક્સ 409.83 પોઈન્ટ એટલે કે 0.51 ટકા વધીને 80567.71 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 80671 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80004 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફટી 135.45 પોઈન્ટ એટલે કે 0.55 ટકા વધીને 24700 પોઈન્ટની સપાટી કુદાવી હતી, 24715.05 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24737 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24533 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બેન્ક નિફ્ટી 406.55 પોઈન્ટ એટલે કે 0.76 ટકા 54000 પોઈન્ટની સપાટી કુદાવીને 54067.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીબીઓ ટેક લિ.માં 40.02 ગણા, એયુ સ્મોલ બેન્કમાં 20.8 ગણા, ઈન્ડસ ટાવરમાં 6.58 ગણા, ફોનીક્સ મીલ્સમાં 4.37 ગણા, અને ગોદરેજ એગ્રોવેટમાં 3.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટીબીઓ ટેકમાં 33.89 ગણા, એનએમડીસીમાં 11.6 ગણા, પિરામલ ફાર્મામાં 8.81 ગણા, પીએનસી ઈન્ફ્રાટેકમાં 6.12 ગણા અને ઈન્ડસ ટાવરમાં 5.66 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો ચાલુ રહેવા પામ્યો હતો. આજે પણ લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 0.63 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.90 ટકા વધ્યા હતા. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2630 શેરો વધ્યા હતા, જ્યારે 1477 શેરો ઘટયા હતા અને 170 શેરો યથાવત રહ્યા હતા.

એનએસઇ એસએમઇ સત્વ એન્જિનીયરીંગના આઈપીઓનું 26.80 ટકા પ્રીમિયમ સાથે રૂ. 95.10ના ભાવે લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 75ના ભાવે ઓફર કર્યો હતો. જે 184.20 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં આગેકૂચ જોવા મળી હતી, જે અગાઉના સત્રમાંઘટાડામાંથી બહાર આવી હતી, કારણ કે લાંબા ગાળાના પ્રાદેશિક બોન્ડસમાં વેચવાલીએ હળવા થવાના સંકેતો દર્શાવ્યા હતા. એશિયન બજારો નીચા સમાપ્ત થયા. કારણ કે રોકાણકારોએ વેપાર વાટાઘાટો અને ભૌગોલિક રાજકીય તણવામાં નવા વિકાસની સાથે વધતી વૈશ્વિક બોન્ડની અસર કરી હતી.

બીજા વિશ્વયુદ્ધના અંતની 80મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે લશ્કરી પરેડમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભાષણ બાદ ચીનના બજારોધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમમાં રશિયાના રાષ્ટ્રપતિ પુટિન અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોગ ઉન સહિતના વિશ્વના 26 નેતાઓએ હાજરી આપી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.51 ટકા, કેક 0.90 ટકા અને ડેક્સ 0.72 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.91 ટકા, સ્ટ્રેઈટસ 0.21 ટકા, હેંગસેંગ 0.67 ટકા અને શાંઘાઈ 1.17 ટકા ઘટાડા બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.35 ટકા, કોસ્પી 0.38 ટકા, જકાર્તા 1.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો 13 પૈસાનો સુધારા સાથે આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3 :** કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. ઘરેલુ શેરબજારમાં સકારાત્મક સુધારા, ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈ અને નબળા યુએસ ડોલર ઇન્ડેક્સને કારણે બુધવારે રૂપિયો તેના સર્વકાલીન નીચલા સ્તરથી ૧૩ પૈસા સુધરીને ૮૮.૦૨ પર બંધ થયો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.17ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 102.40, પાઉન્ડ 117.42, કેનેડિયન ડોલર 63.81, ઓસ્ટ્રેલિયન ડોલર 57.24, જાપાનીઝ યેન 0.5726 અને સીંગાપોર ડોલર 68.27ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 87.07 રૂ. |
| યુરો | 102.40 રૂ. |
| પાઉન્ડ | 117.42 રૂ. |
| યેન | 0.5926 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 409.83 | 80567.71 |
| નિફ્ટી | 135.45 | 24715.05 |
| બેન્ક નિફ્ટી | 406.55 | 54.067.55 |

### નિફ્ટી

#### ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 5.97 | 167.85 |
| હિન્ડાલ્કો | 3.05 | 742.95 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.70 | 1072.20 |
| કોલ ઇન્ડિયા | 2.55 | 389.80 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 2.25 | 768.10 |

#### ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.31 | 1479.10 |
| એચડીએફસી લાઇફ | 0.80 | 776.45 |
| એનટીપીસી | 0.61 | 334.25 |
| વિપ્રો | 0.55 | 249.56 |
| નેસલે ઇન્ડિયા | 0.51 | 1194.80 |

### સેન્સેક્સ

#### ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 5.90 | 167.80 |
| ટાઇટન કંપની | 1.73 | 3680.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.62 | 3286.10 |
| આઇટીસી | 1.19 | 411.50 |
| ઇટર્નલ | 1.16 | 326.00 |

#### ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.19 | 1479.30 |
| એનટીપીસી | 0.55 | 334.35 |
| એચયુએલ | 0.49 | 2663.90 |
| અદાણી પોર્ટસ | 0.36 | 1331.20 |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૯૬૦૦ |
| તેજાબી સોનું | ૧૦૯૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૦૪૧૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૦૭૪૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૯૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૨૭૧૦૦ |
| ચાંદી સિક્કા | ૧૨૮૬૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ ” | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ ” | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

### સુડોકુ ૬૩૧૩ - 'ક્રુઝ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | | ૩ | | | |
| | ૯ | ૬ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | |
| ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૪ | | ૮ | ૬ |
| ૫ | | ૧ | | ૩ | | | ૭ | ૮ |
| ૯ | | ૭ | ૧ | ૮ | | | ૨ | ૪ |
| ૮ | ૪ | | ૬ | | | ૧ | ૫ | ૩ |
| ૧ | ૭ | | | ૨ | ૮ | ૪ | | |
| ૬ | | | ૭ | ૪ | ૯ | | ૩ | |
| ૩ | ૨ | | ૫ | ૧ | | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

#### શોથ-સોજા

શરીર પર વિવિધ સ્થળે સોજા આવી શકે છે. કારણો પણ વિવિધ હોય છે.

કહે છે કે ગોળ નાખેલો આદુનો બે ચમચી રસ દિવસમાં ત્રણ વાર પીવો.

સાથે ગોખરું ચૂર્ણ પાંચ ગ્રામ લેવું.

### શબ્દગુંફન - ૭૦૫૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. શ્રી ગણેશ (૪)
૪. ગરક, મસ્ત, તલ્લીન (૪)
૬. મીઠું (૩)
૯. રસ્તો, વાટ (૩)
૧૧. ચમત્કારવાળું, નવાઈવાળું (૪)
૧૨. વિદાયગીરી (૪)
૧૫. બાણ, કાંઠો (૨)
૧૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૯. માતાની બહેન (૨)
૨૦. ગૃહ, મકાન (૨)
૨૩. એકને પા (૨)
૨૪. હવા, વાયુ (૩)
૨૭. ટોકવું તે, ઈશારો (૩)
૨૯. ગગનમાં જનારું (૫)
૩૧. કેફ, ખુમારી (૨)
૩૨. યોગ્ય કિંમત કરનાર (૫)
૩૩. પુષ્કળ, ઘણું (૪)

**ઊભી ચાવી**

૨. ઘટ, ખોટ (૨)
૩. દેહ, શરીર (૨)
૪. બારણા પર નાખવાનો પડદો (૨)
૫. મુગટમાં જડેલો મણિ (૪)
૭. ઘર, ગૃહ (૩)
૮. ગૌરવશાળી, મહાન (૪)
૯. જાણકારી (૩)
૧૦. હળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૧૩. પવન (૨)
૧૪. દેવા પેટે આડમાં મૂકેલું (૨)
૧૬. ઉતાવળનો ગભરાટ (૪)
૧૮. પુરુષ (૨)
૧૯. આદર, સન્માન (૨)
૨૧. અવાજ, ધ્વનિ (૨)
૨૨. દબાવીને કે ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૨૪. પારકુ, અન્ય (૨)
૨૫. રોકડું (૩)
૨૬. નામવાળું, નામીચું (૨)
૨૮. બખોલ (૩)
૩૦. લાગ, અનુકૂળ વખત (૨)
૩૧. ઇચ્છા, મરજી (૨)

### આજનું પંચાંગ

**તા. 04/09/2025, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** ભાદરવો
**તિથિ:** બારસ: 28:09
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો - 13
**યોગ :** સૌભાગ્ય **કરણ:** બવ
**નક્ષત્ર :** ઊ.ષા. 23:44
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** શુભ, -વામન જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:51
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1395, ફરવરદીન માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રબીઉલ અવલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આવક વધારવાની તક મળે. ઊપરી વર્ગનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** લાંબી મુસાફરીની યોજના બને. નોકરી માટેની યાત્રા સફળ રહે. પ્રમોશનની શક્યતા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** સરકારી નોકરીયાતે સાવધાની રાખવી. કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવુ. અશાંતિજનક સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** સમાજીક કામમાં મનને શાંતિ મળે. કુટુંબ પરિવારમાં નવા સભ્યનું આગમન થાય. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** સરકારી નોકરીની તૈયારીમાં હકારાત્મક પ્રગતિ થાય. હીત શત્રુઓથી સાવધાન. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રેમ વિવાહની શક્યતા વધશે. શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** સરકારી યોજનાનો લાભ મળે. નોકરી માટે ઈન્ટરવ્યુમાં હકારાત્મક પરિણામ આવે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય. નોકરી ધંધા માટે નવી તક મળે. ટેકનોલોજીનો લાભ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉધાર લેવા દેવાનું ટાળવું. કોઈની વાતોમાં આવવું નહી. પારિવારીક સમસ્યા સતાવે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. ઈચ્છીત મુલાકાત થાય. નોકરીમાં પ્રભાવ વધે. ઘરના કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક વિદેશના કામમાં ગતિ આવે. સમાજ સેવા અને હોસ્પિટલના કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઊચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. આર્થિક પ્રગતિ થાય. પ્રેમમાં સાથ મળે.

### કોઇ પણ સાલમાં 04 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન અને નવી તક મળે. નવી નોકરીની શક્યતા રહેશે. નોકરી-ધંદા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. હરીફોથી સાવધાન રહેવુ પડશે. સમાજમાં પણ વિરોધીઓ વધશે. કુટુંબ-પરિવારની અપેક્ષા માટે વધુ પરિશ્રમ કરવો પડશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિથી શાંતિ મળે. વારસા જાયદાત- જમીન જેવા કામમાં મિત્રો વડીલોની મદદ મળે. વધારાની આવક માટેના પ્રયત્નો હકારાત્મક રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની તક મળે. જૂન-જુલાઈમાં આવક વધારવાની યોજના પાર પડશે. નવેમ્બર-ડીસેમ્બરમાં ખર્ચા અને સામાજીક પ્રશ્નો વધશે.

# ચાલુ નાણાકીય વર્ષના જૂન ક્વાર્ટરમાં અમેરિકાનું રોકાણ ત્રણ ગણું વધ્યું

**અમેરિકાથી** રોકાણ ત્રણ ગણું વધીને 5.61 બિલિયન ડોલર પર પહોંચ્યું

**જૂન** ક્વાર્ટરમાં દેશમાં FDI 15 ટકા વધીને 18.62 બિલિયન ડોલર થયું

નવી દિલ્હી, તા.03 (પીટીઆઇ) : ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન દેશમાં વિદેશી સીધું રોકાણ 15 ટકા વધીને 18.62 બિલિયન ડોલકર થયું છે. ડ્યુટી સમસ્યાઓ હોવા છતાં, આ ત્રિમાસિક ગાળા દરમિયાન અમેરિકામાંથી રોકાણ લગભગ ત્રણ ગણું વધીને 5.61 બિલિયન ડોલર થયું છે.

બુધવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, ગયા નાણાકીય વર્ષ 2024-25માં એપ્રિલ-જૂન દરમિયાન એફડીઆઇ 16.17 બિલિયન ડોલર હતું.

પાછલા નાણાકીય વર્ષમાં, માર્ચ ક્વાર્ટરમાં રોકાણ વાર્ષિક ધોરણે 24.5 ટકા ઘટીને 9.34 બિલિયન ડોલર થયું હતું. સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન ઇક્વિટી રોકાણો સહિત કુલ એફડીઆઇ વધીને 25.2 બિલિયન ડોલર થયું, જે 2024-25 ના સમાન સમયગાળામાં 22.5 બિલિયન ડોલર હતું.

આ સમયગાળા દરમિયાન, ડ્યુટી સમસ્યાઓ હોવા છતાં, અમેરિકા 5.61 બિલિયન ડોલર સાથે એફડીઆઇનો સૌથી મોટો સ્ત્રોત રહ્યો. જ્યારે 2024-25માં એપ્રિલ-જૂન દરમિયાન તે 1.50 બિલિયન ડોલર હતું. તેના પછી સિંગાપોર (4.59 બિલિયન ડોલર), મોરેશિયસ (2.08 બિલિયન ડોલર), સાયપ્રસ (1.1 બિલિયન ડોલર), યુએઈ (1 બિલિયન ડોલર), કેમેન ટાપુઓ (676 મિલિયન ડોલર), નેધરલેન્ડ્સ (667 મિલિયન ડોલર), જાપાન (551 મિલિયન ડોલર) અને જર્મની (191 મિલિયન ડોલર)નો ક્રમ આવે છે.

એપ્રિલ, ૨૦૦૦ અને જૂન, ૨૦૨૫ વચ્ચે ૭૬.૨૬ અબજ ડોલરના રોકાણ સાથે અમેરિકા ભારતમાં ત્રીજો સૌથી મોટો રોકાણકાર છે. આ જ સમયગાળામાં રોકાણના ટોચના સ્ત્રોત મોરેશિયસ (૧૮૨.૨ અબજ ડોલર) અને સિંગાપોર (૧૭૯.૪૮ અબજ ડોલર) છે. ક્ષેત્રીય રીતે, એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર, સેવાઓ, વેપાર, ટેલિકોમ્યુનિકેશન, ઓટોમોબાઇલ્સ, બાંધકામ વિકાસ, બિન-પરંપરાગત ઊર્જા અને રસાયણોમાં રોકાણ વધ્યું છે.

### ત્રિમાસિક ગાળામાં કર્ણાટકમાં સૌથી વધુ વિદેશી રોકાણ થયું

ડેટા અનુસાર, ત્રિમાસિક ગાળા દરમિયાન કર્ણાટકમાં સૌથી વધુ 5.69 બિલિયન ડોલરનું રોકાણ થયું. આ પછી મહારાષ્ટ્રમાં 5.36 બિલિયન, તમિલનાડુમાં 2.67 બિલિયન), હરિયાણામાં 1.03 બિલિયન), ગુજરાતમાં 1.2 બિલિયન, દિલ્હીમાં 1 બિલિયન અને તેલંગાણામાં 395 મિલિયન ડોલરનો ક્રમ આવે છે.

# સોનાનો ભાવ રૂ. 1.07 લાખના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યો, ચાંદી સ્થિર

નવી દિલ્હી, તા. 03 (પીટીઆઇ) : યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો થવાની અપેક્ષાઓ, વધતા ભૂ-રાજકીય તણાવ અને યુએસ અર્થતંત્ર અંગે વધતી ચિંતાઓ વચ્ચે બુધવારે સ્થાનિક બજારોમાં સોનાના ભાવ 1,000 રૂપિયા વધીને 1,07,070 રૂપિયા પ્રતિ 10 ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા હતા.

મંગળવારે ૯૯.૯ ટકા શુદ્ધતાવાળા સોનાનો ભાવ ૧,૦૬,૦૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો. દિલ્હી બજારમાં, ૯૯.૫ ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવ સતત આઠમા સત્રમાં સતત વધ્યા અને બુધવારે ૧,૦૦૦ રૂપિયા વધીને ૧,૦૬,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) ના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા હતા.

દરમિયાન, બુધવારે ચાંદીના ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૧,૨૬,૧૦૦ (બધા કર સહિત) પર સ્થિર રહ્યા, જે એસોસિએશનના જણાવ્યા અનુસાર અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તર છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનાનો ભાવ વધીને $3,547.09 પ્રતિ ઔંસના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો થવાની અપેક્ષાઓ, વધતા ભૂ-રાજકીય તણાવ અને યુએસ અર્થતંત્ર અંગે વધતી ચિંતાઓ વચ્ચે સલામત રોકાણની માંગ મજબૂત હોવાથી સોનાના ભાવમાં વધારો ચાલુ છે. જોકે, ન્યૂ યોર્કમાં સ્પોટ સિલ્વર 0.11 ટકા ઘટીને $40.84 પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

## ટ્રમ્પ-સમર્થિત બિટકોઇન કંપનીએ નાસ્ડેક પર ટ્રેડિંગ શરૂ કર્યું

વોશિંગ્ટન, તા. 3 (એપી) : ટ્રમ્પ પરિવાર સાથે જોડાયેલી બિટકોઈન ટ્રેઝરી અને માઈનિંગ કંપનીએ બુધવારે નાસ્ડેક સ્ટોક માર્કેટમાં ટ્રેડિંગ શરૂ કર્યું હતું. અમેરિકન બિટકોઈનની લિસ્ટિંગ ગ્રિફોન ડિજિટલ માઈનિંગ સાથે પૂર્ણ મર્જર પછી થઈ છે. કંપનીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રો- ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પનું સમર્થન છે. ''અમારું નાસ્ડેક ડેબ્યૂ યુએસ મૂડી બજારોના મુખ્ય ભાગમાં બિટકોઈન લાવવામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે.'' એમ એરિક ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું, તે અમેરિકન બિટકોઈનના સહ-સ્થાપક અને મુખ્ય વ્યૂહરચના અધિકારી છે. જાહેર કંપનીઓ દ્વારા બિટકોઈનને કોર્પોરેટ ટ્રેઝરી તરીકે જમા કરવા ક્રિપ્ટોમાં એક લોકપ્રિય વલણ બની ગયું છે.

# કેટલાક દેશો ડોલર પર પીઠ ફેરવીને ચીની યુઆન અને સ્વિસ ફ્રાન્ક તરફ વળ્યા

**શ્રીલંકા**, કેન્યા અને પનામા જેવા દેશો હવે ચાઇનીઝ રેનમિન્બી અને સ્વિસ ફ્રાન્ક જેવા ચલણોનો સહારો લઇ રહ્યા છે

નવી દિલ્હી, તા. 3: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર ડિ-ડોલરાઇઝેશન અંગે ચેતવણી આપી છે. તે જ સમયે, ઘણા વિકાસશીલ દેશો ડોલરથી પોતાને દૂર રાખતા હોય તેવું લાગે છે. તેનું કારણ ડોલરમાં દેવું ચૂકવવા અને નવી લોન લેવાની ઉંચી કિંમત છે. આ જ કારણ છે કે શ્રીલંકા, કેન્યા અને પનામા જેવા દેશો હવે ચાઇનીઝ રેનમિન્બી અને સ્વિસ ફ્રાન્ક જેવા ચલણોનો સહારો લઇ રહ્યા છે.

નાણાકીય નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલું રાજકીય કારણોસર નહીં પણ આર્થિક કારણોસર લેવામાં આવી રહ્યું છે. યુએસ ફેડરલ રિઝર્વના ઊંચા વ્યાજદરને કારણે ડોલર આધારિત ધિરાણ મોંઘું થયું છે. હાલમાં ફેડરલ રિઝર્વનો વ્યાજદર 4.25 ટકાથી 4.5 ટકા વચ્ચે છે, જ્યારે સ્વિત્ઝર્લેન્ડનો વ્યાજદર 0 ટકા અને ચીનનો દર 1.4 ટકા છે. એટલે કે, યુઆન અથવા ફ્રાન્કમાં લોન લેવી દેશો માટે ઘણી સસ્તી થઇ રહી છે. દેવાની ચૂકવણીના ખર્ચમાં મુદ્દલ, વ્યાજ અને ફીનો સમાવેશ થાય છે. સાથે જ વ્યાજ દર અને પ્રોસેસિંગ ચાર્જ જેવી વસ્તુઓ ઉધારીના ખર્ચમાં ઉમેરવામાં આવે છે. આ ઊંચી કિંમત વિકાસશીલ દેશોને ડોલરથી દૂર લઈ જઈ રહી છે. કેન્યા સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તે ચીનની એક્ઝિમ બેંક સાથે 5 અબજ ડોલરના રેલવે પ્રોજેક્ટ માટેની લોનને ડોલરમાંથી યુઆનમાં રૂપાંતરિત કરવા માટે વાતચીત કરી રહી છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ સંસદમાં જણાવ્યું હતું કે સરકાર યુઆનમાં લોન લઈને અટકી પડેલા હાઇવે પ્રોજેક્ટને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે. જુલાઇમાં પનામાએ સ્વિસ બેંકો પાસેથી લગભગ 2.4 અબજ ડોલરનું ઋણ ફ્રાન્કમાં લીધું હતું. આનાથી તેને લગભગ 200 મિલિયન ડોલરની બચત થઈ. નિષ્ણાતો કહે છે કે આ નિર્ણયો મોંઘા ડોલરના દેવાથી રાહત મેળવવાના હેતુથી અસ્થાયી પગલાં છે. જો કે, તે સ્પષ્ટ છે કે ઘણા નાના દેશો પોતાના માટે સસ્તા અને સલામત વિકલ્પો શોધી રહ્યા છે. બ્રિક્સ દેશોમાં ડિ-ડોલરાઈઝેશન અંગે ચર્ચા થઈ રહી છે, પરંતુ ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ દિશામાં તેની કોઈ યોજના નથી.

## ભારત અને EFTA વેપાર કરારનો પહેલી ઓક્ટોબરથી અમલ : સ્વિટ્ઝર્લેન્ડ

નવી દિલ્હી, 3 સપ્ટેમ્બર (ભાષા) સ્વિટ્ઝર્લેન્ડે બુધવારે જણાવ્યું હતું કે ભારત અને ચાર યુરોપિયન દેશોના જૂથ EFTA વચ્ચેનો મુક્ત વેપાર કરાર 1 ઓક્ટોબરથી અમલમાં આવશે. તેમાં વેપાર અને ટકાઉ વિકાસ પર કાયદેસર રીતે બંધનકર્તા જોગવાઈઓ હશે. સ્વિટ્ઝર્લેન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રથમ વખત, ભારતે મુક્ત વેપાર કરારમાં વેપાર અને ટકાઉ વિકાસ પર કાયદેસર રીતે બંધનકર્તા જોગવાઈઓ સ્થાપિત કરી છે. યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) ના સભ્યો આઈસલેન્ડ, લિક્ટેંસ્ટાઇન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ છે. બંને પક્ષોએ 10 માર્ચ, 2024 ના રોજ વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) પર હસ્તાક્ષર કર્યા. આ કરાર હેઠળ, ભારતને જૂથ તરફથી 15 વર્ષમાં $100 બિલિયનનું રોકાણ પ્રતિબદ્ધતા પ્રાપ્ત થઈ છે.

# ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઇ ઓગસ્ટમાં 15 વર્ષની ઊંચી સપાટીએ

**નવા** ઓર્ડર અને ઇન્ટરનેશનલ ડિમાન્ડથી સર્વિસ સેક્ટરમાં તેજી રહી

નવી દિલ્હી, તા. 3: ભારતના સેવા ક્ષેત્રએ ઓગસ્ટમાં પણ પોતાનું મજબૂત પ્રદર્શન જારી રાખતાં 15 વર્ષની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યું હતું. એચએસબીસી ઈન્ડિયા સર્વિસિસ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) જુલાઈમાં 60.5થી વધીને ઓગસ્ટમાં 62.9 થયો હતો.

નવા ઓર્ડરમાં વધારો અને આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાથી ઉત્પાદન અને રોજગાર બંનેમાં વધારો જોવા મળ્યો. દરમિયાન કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેક્સ પણ જુલાઈમાં 61.1થી વધીને 63.2 થયો હતો, જે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ બંને સેક્ટરમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપે છે. એચએસબીસીના ચીફ ઇન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજલ ભંડારીએ જણાવ્યું હતું કે, “ભારતનો સર્વિસિસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ ઓગસ્ટમાં 62.9 પર પહોંચ્યો હતો. નવા ઓર્ડરમાં તેજી અને આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાને કારણે સેવા ક્ષેત્રે પણ રોજગારને વેગ મળ્યો. ઊંચી માંગ અને વધતા મજૂર ખર્ચને કારણે ઇનપુટ અને આઉટપુટના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો. કમ્પોઝિટ પીએમઆઈ વધીને 63.2ની 17 વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે ઉત્પાદન અને સેવા બંને ક્ષેત્રોમાં મજબૂત ઉત્પાદન વૃદ્ધિનો સંકેત આપે છે.